CR EN/64/2026

**-:: અરજદારની બી.એન.એસ.એસ.કલમ-૪૯૭ અને ૫૦૩ મુજબની અરજી લગત હુકમ ::-**

અરજદારની બી.એન.એસ.એસ.કલમ-૪૯૭ અને ૫૦૩ મુજબની અરજી લગત હુકમ અરજદારની હાલની અરજી વંચાણે લીધી.અરજદાર તથા વિધ્વાન એ.પી.પી. શ્રી ને સાંભળ્યા, રજુ દસ્તાવેજો ધ્યાને લીધા. તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય તેમજ રજુ દસ્તાવેજો ધ્યાને લીધા.

હાલના અરજદારે તેઓની અરજીમાં રજુઆત કરેલ છે કે તેઓ અરજી માં જણાવ્યા મુજબના સરનામે હાલમા રહે છે તથા તેઓની સાથે સાયબર ક્રાઈમનો બનાવ બનેલ જે બનાવમા તેઓના STATE BANK OF INDIA નાં ખાતા નં બર/ક્રેડીટ કાર્ડ નં. 34742012646 માંથી રૂા. **25,662/-** ઉપડી ગયેલ હતા. જે બાબત તેઓએ ૧૯૩૦ નંબર ઉપર કોલ કરીને ફરીયાદ નોંધાવેલ હતી. જે ફરીયાદ તારીખ-25/02/2026 ના રોજ Acknowlege No.31102260045189 નંબરથી નોંધાયેલ હતી. જે સબબ સાયબર ક્રાઈમ પોલીસ ધ્વારા સામાવાળા ખાતા ધારક (1) MOHD AHMAD MALIK ની બેન્ક INDIA POST PAYMENTS BANK ના ખાતા નં.055510068264 માં ગયેલ નાણાં પૈકી રૂા.25,662/- બી.એન.એસ.એસ.-૨૦૨૩ ની કલમ-૧૦૬ મુજબ ફ્રીઝ કરાવેલ હતા જે હાલ સુધી સદર બેન્કમાં જેમના તેમ પડી રહેલ છે અને તેઓને પરત મળેલ નથી. અરજદારે વધુમાં જણાવેલ છે કે આ બાબતે એફ.આઈ.આર થયેલ નથી. તેઓને ખુબજ મોટુ આર્થિક નુકશાન થયેલ હોય તથા તેઓને ગુજરાન ચલાવવા માટે સદર રૂપીયાની જરુર હોય સદર નાણાં તેઓના ખાતામાં પરત અપાવવા માટે બી.એન.એસ.એસ.ની કલમ-૪૯૭ અને ૫૦૩ મુજબ યોગ્ય તે હુકમ થવા અરજ કરેલ છે.

અરજદારની અરજી સબબ તપાસ કરનાર અમલદાર મહુવા ટાઉન પોલીસ સ્ટેશન નાઓને સદર ગુના બાબતે તમામ પેપર સહીત સ્પષ્ટ અભિપ્રાય રજુ કરવા હુકમ કરવામાં આવેલ. જે અન્વયે એચ.કે.સોલંકી, પોલીસ ઈન્સ્પેકટર મહુવા

ટાઉન પોલીસ સ્ટેશન નાઓએ તેઓનો અભિપ્રાય રજુ કરેલ છે. તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય તથા લગત કાગળો ધ્યાને લેતા તેઓએ જણાવેલ છે કે, સાયબર ક્રાઈમનો ભોગ બનનાર નાણા જયારે ઓનલાઈન ટ્રાન્સફર થઈ જતા હોય છે ત્યારે આવા નાણાને તાત્કાલિક રોકવા તથા ગુના અટકાવવા માટે ગુજરાત સરકાર ધ્વારા સાયબર ક્રાઈમ હેલ્પ લાઈન નં.૧૯૩૦ તથા સાયબર ક્ર ાઈમ ઈન્સિડન્ટ રિસ્પોન્સ યુનીટ (IRU) સામાન્ય નાગરીકો માટે શરૂ કરવામાં આવેલ છે. જે હાલ સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ, સીઆઈડી ક્રાઈમ હસ્તક ચાલુ છે. સાયબર ક્રાઈમનો ભોગ બનનારનાં નાણા જયારે ઓનલાઈન ટ્રાન્સફર થઈ જતા હોય છે તેને તાત્કાલિક રોકવાની કામગીરી કરવામાં આવે છે. સાયબર ક્રાઈમના ભોગ બનનાર નાગરીકો સીધી જ પોતાની ફરીયાદ હેલ્પ લાઈન નં.૧૯૩૦ પર ડાયલ કરીને લખાવે છે ત્યારે Acknowlege Number આપવામાં આવે છે તેમજ સાથોસાથ જે શંકાસ્પદ બેંક ખાતામાં જે તે નાગરીકના નાણા ગયેલ હોય તે બેન્કને નાણા ફ્રીઝ કરાવવા તેમજ જો નાણા ત્યાંથી ટ્રાન્સફર થઈ ગયેલ હોય તો તેની માહીતી આપવા માટે તેઓની કચેરીએથી બી.એન.એસ.એસ.-૨૦૨૩ ની કલમ-૯૪ તથા ૧૦૬ હેઠળ નોટીસ આપવામાં આવે છે. નોટીસ આધારે બેંકો ધ્વારા આ શકાસ્પદ રીતે મેળવાયેલા નાણા ફ્રીઝ કરવામાં આવે છે.

વધુમા જણાવેલ છે કે, હાલના અરજદાર **ઈર્શાદ હબીબભાઈ બદવી રહે.** ૪૦૪, નુતનનગર, મહુવા, જી.ભાવનગર નાઓ સાથે સાયબર ક્રાઈમનો બનાવ બનેલ હતો. જેમા STATE BANK OF INDIA નાં ખાતા નંબર/ક્રેડીટ કાર્ડ નં. 34742012646 માંથી રૂા. **25,662/-** ઉપડી ગયેલ હતા. જે બાબતે અરજદારે ફરીયાદ નોંધાવેલ હતી. જે ફરીયાદ આધારે સાયબર ક્રાઈમ સ ેલ સીઆઈડી ક્રાઈમ ધ્વારા અરજદારના ઉપરોકત ખાતામાંથી ગયેલ નાણા પૈકી સામાવાળા ખાતા ધારક (1) MOHD AHMAD MALIK ની બેન્ક INDIA POST PAYMENTS BANK ના ખાતા નં.055510068264 માં ગયેલ નાણાં પૈકી રૂા.25,662/- બી.એન.એસ.એસ.-૨૦૨૩ ની કલમ-૧૦૬ મુજબ ફ્રીઝ કરાવેલ છે. જે સદરહું બેન્ક ખાતા બનાવટી હોવાનું જણાય આવેલ છે અને સદરહું

ખાતુ સીઝ કર્યા બાદ  ખાતેદાર કે અન્ય કોઈ વ્યકિતએ પોલીસ સમક્ષ કોઈ વાંધા તકરાર જણાવેલ નથી. જેથી સદરહું નાણા પાછા ખેંચવા માટે અરજદારશ્રીએ આપ નામદાર સાહેબની કોર્ટમાં અરજી કરેલ હોય સદરહું નાણા અરજદારાને પાછા આપવા અભિપ્રાય આપેલ છે.

સદર કામે અરજી સાથે રજુ કરવામાં આવેલ બેંક પેપર્સની નકલ ધ્યાને લેતા તેમજ તપાસ કરનાર અમલદાર ધ્વારા રજુ કરવામાં આવેલ અભિપ્રાય તથા તેને લગત કાગળો ધ્યાને લેતા તે હકીકત સ્પષ્ટ થાય છે કે હાલના  STATE BANK OF INDIA  નાં ખાતા નંબર/ક્રેડીટ કાર્ડ નં. 34742012646 માંથી રૂા. **25,662/–** ઉપડી ગયેલ હતા તેમજ સદર નાણા સામાવાળા ખાતા ધારક (1) MOHD AHMAD MALIK  ની બેન્ક  INDIA POST PAYMENTS BANK  ના ખાતા નં.055510068264 માં ગયેલ નાણાં પૈકી રૂા.25,662/- ફ્રીઝ થયેલ છે  અને અરજદારે તે બાબતે ફરીયાદ નોંધાવેલ છે. આમ સદર હકીકત ધ્યાને લેતા અરજદારના ઉપર જણાવ્યા મુજબના ખાતામાંથી નાણા ઉપડી ગયેલ હોવાનુ તથા શંકાસ્પદ બેન્કના ખાતામાં ટ્રાન્સફર થયાનુ હાલના તબકકે સ્પષ્ટ જણાઈ આવે છે. તદઉપરાંત રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતો હાલના કામે આજદીન સુધી કોઈ એફ.આઈ.આર.થયેલ હોય કે હાલના કામે કોઈની ધરપકડ કરવામાં આવેલ હોય તેમ જણાઈ આવતુ નથી તેમજ બનાવ બન્યે આટલો લાંબો સમય પસાર થયેલ હોવા છતા આજદીન સુધી અરજદાર સિવાય અન્ય કોઈએ સદર નાણાની અત્રેની અદાલત સમક્ષ માગણી કરતી કોઈ અરજી કરેલ નથી તદઉપરાંત તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય ધ્યાને  લેતા તેઓ સમક્ષ પણ કોઈએ આ નાણાની માગણી કરેલ હોય તેમ જણાતુ નથી તેમજ તપાસ કરનાર અમલદાર ધ્વારા સદર બેન્ક ખાતા બનાવટી હોવાનુ જણાવેલ છે તથા સદરહુ ખાતુ સીઝ કર્યા બાદ ખાતેદાર અથવા તો અન્ય કોઈ વ્યકિતએ ખાતુ સીઝ કર્યા બાબતે તેઓ (પોલીસ) સમક્ષ કોઈ વાંધા તકરાર લીધેલ નથી જેથી તપાસ કરનાર અમલદાર ધ્વારા સદર નાણા અરજદારશ્રીને પાછા આપવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે. જેથી અત્રેની અદાલતના માનવા મુજબ હાલના અરજદાર સદર નાણાનો કબજો મેળવવા હકકદાર હોવાનુ જણાય છે.

આમ ઉપર ચર્ચા કર્યા મુજબ સદર કેસની તમામ હકીકત, સંજોગો તથા રજુ દસ્તાવેજો ધ્યાને લતા સદર નાણા બેંકમાં જમા હોય તેથી સદર રોકડ રકમના દર તેમજ સીરીયલ નંબર બાબતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેમજ ભવિષ્યે પણ મુદ્દામાલની ઓળખ બાબતની કોઈ તકરાર કે પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ નથી. વધુમાં નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. ગુજરાત રાજય, ૨૦૦૩ (૧) જી.એલ.એચ.પાના નંબર ૩૦૭ ના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતા પણ ઉપરોકત જણાવેલ કારણોસર હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાતી હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમકરવામાં આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

અરજદારની અરજી આથી બી.એન.એસ.એસ.કલમ–૪૯૭ અને ૫૦૩ હેઠળ આથી મંજુર કરવામા આવે છે.

અરજદારને સદર ગુનાના કામે સીઝ કરવામાં આવેલ રોકડ રકમ રૂા.25,662/- ની દોઢી રકમના જાત જામીન (બોન્ડ) તથા તેટલી જ રકમના સધ્ધર જામીન સંબંધીત પોલીસ સ્ટેશનમાં આપ્યેથી આ કેસના આખરી નિકાલ સુધી નીચેની શરતોને આધીન વચગાળાની કસ્ટડી સ્વરૂપે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં હુકમ કરવામાં આવે છે કે અરજદાર ધ્વારા હુકમ મુજબના જાત જામીન(બોન્ડ) તથા સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપેથી પોલીસ અધિકારી ધ્વારા સદર હુકમની જાણ જે તે બેન્કને કરવી તેમજ સામાવાળા ખાતા ધારક સામાવાળા ખાતા ધારક (1) MOHD AHMAD MALIK ની બેન્ક INDIA POST PAYMENTS BANK ના ખાતા નં.055510068264 માં ગયેલ નાણાં પૈકી રૂા.25,662/- જમા છે તે રકમ અરજદાર **ઈર્ષાદ હબીબભાઈ બદવી ના STATE BANK OF INDIA નાં ખાતા નંબર/ક્રેડીટ કાર્ડ નં.34742012646** માં જમા કરાવી તેની જાણ અત્રેની અદાલતને તથા લગત પોલીસ સ્ટેશનને કરવી.

**<u>શરતો</u> :–**

(૧) અત્રેની અદાલત જયારે ફરમાવે ત્યારે અરજદારે આ નાણા જેટલી રકમ અદાલત સમક્ષ રજુ કરવાની રહેશે.

(૨) ઉપરોકત ખાતાધારક વ્યકિત કે અન્ય કોઈ વ્યકિત સદર નાણા પર કલ ેઈમ કરે અને પોતાનો હક/હિત પુરવાર કરે તેવા સંજોગોમાં અરજદારે સદર રકમ પરત કરવાની રહેશે.

(૩) સદર મુદ્દામાલ રકમનો કોઈ ગુનાહીત કામે ઉપયોગ કરવો/કરાવવો નહી.

(૪) કોઈ પણ શરતનો ભંગ થયેથી હાલનો વચગાળાનો હુકમ આપોઆપ રદ ગણાશે તથા મુદ્દામાલ રોકડ રકમ ફરીથી જપ્ત થવાને પાત્ર રહેશે તથા બોન્ડ અને જામીનગીરીની રકમ પણ વસુલ કરવાને પાત્ર રહેશે.

હુકમ આજરોજ તા. ૧૭મી, માહે જુન, સને. ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૧૭ / ૦૬ / ૨૦૨૬ (હિતેશકુમાર બુધાભાઈ શર્મા )
સ્થળ :– મહુવા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રટ,
મહુવા.
કોડ નં.જીજે૦૧૧૪૭

એચ.એ.છેલાણા